# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે મહિલા કૃષિ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ, જીલ્લા ખેતીવાડી વિભાગ, દાહોદ અને એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી, દાહોદના સંયુક્ત ઉપક્રમે તારીખ ૦૬.૦૮.૨૦૧૯ના રોજ કૃષિ ઇજનેરી પોલીટેકનીક, મુવાલીયા ફાર્મ દાહોદ ખાતે મહિલા કૃષિ દિવસની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી આર. કે. પટેલ તેમજ મુખ્ય મહેમાનો શ્રીમતી રંજનબેન રાઝહંસ, મહિલા મોરચા ભાજપ પ્રમુખ, દાહોદ, શ્રીમતી કાન્તાબેન જે. બામણીયા, એપીએમસી, દાહોદ, શ્રી યોગેશભાઇ પારગી, જીલ્લા પંચાયત પ્રમુખ, દાહોદ, ડૉ. એ. સી. વૈદ્ય, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દાહોદ, શ્રી જે. એસ. સુથાર, નાયબ ખેતીવાડી નિયામક, દાહોદ અને શ્રી એન. વિ. રાઠવા, નાયબ બાગાયત નિયામક, દાહોદ હાજર રહેલ.




મહાનુભાવોનુ સ્વાગત પ્રવચન શ્રી જે. એસ. સુથાર દ્વારા કર્યા બાદ દીપ પ્રાગટ્ય કરવામા આવેલ. ત્યારબાદ આકાર્યક્રમના અધ્યક્ષ માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી આર. કે. પટેલે મહિલા કૃષિ દિવસની ઉજવણીના પ્રાસંગિક ઉદ્દબોધન કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ શ્રીમતી કાન્તાબેન બામણીયાએ કૃષિમાં મહિલાઓના સશક્તિકરણ, ડૉ. એ. સી. વૈદ્ય દ્વારા કૃષિમાં મહીલાઓનુ યોગદાન અને શ્રી યોગેશભાઇ પારગી દ્વારા મહીલાઓ માટેની સરકારી યોજનાઓ વિશે કાર્યક્રમમાં હાજર મહિલાઓની જાણકારી આપેલ. કાર્યક્રમના






૦૬/૦૮/૨૦૧૯

દ્વિતીય તબક્કામાં કેવિકે, દાહોદના વૈજ્ઞાનિકો ડૉ. આર. રાધા રાની અને શ્રી, એન. ડી. મકવાણા દ્વારા ક્રમસહ વૈજ્ઞાનિક પશુપાલન તેમજ ખરીફ પાકોની વૈજ્ઞાનિક પધ્ધત્તી વિશે માહિતી આપવામા આવેલ.



આ કાર્યક્રમમાં જુદા જુદા ગામોમાંથી કુલ ૩૪૭ ખેડુત મહિલાઓ તેમજ ૩૬ જુદા જુદા વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.